**<u>કપડવંજના મહે. એડીશનલ ચીફ જ્યુડી મેજી. સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ</u>**

<u>ફોજદારી કેસ નં.૭૫/૨૦૨૬</u>

આંકઃ–

**શ્રી સરકાર** ..... ફરીયાદી

વિરૂદ્ધ

**માનસિંહ વજેસિંહ ચૌહાણ,** ..... આરોપી

રહે.વાઘજીપુરા, તા.કપડવંજ, જી.ખેડા.

**<u>ગુનો–પ્રોહીબીશન એક્ટ કલમ–૮૫(૧), ૬૬(૧)(બી) મુજબ</u>**

-- ઠ રા વ --

**૧.** આરોપીને સમન્સ કરતાં તેઓ કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે અને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપવાની ખાત્રી કરી આરોપી વિરૂધ્ધ પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલી છે.

**૨.** અત્રેની અદાલતે આરોપીને સજાની જોગવાઇઓ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે, તેઓને ગુના બદલ પસ્તાવો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના છે અને તેઓ છુટક મજુરી કામ કરે છે. તેઓના કુટુંબમાં તેઓ એક જ કમાનાર સભ્ય છે અને તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓ ઉપર રહેલી છે. આરોપી ભવિષ્યમાં આવો કોઇ ગુનો કરશે નહીં તેવી ખાત્રી આપે છે અને જેથી તેઓની સામાજીક તથા આર્થીક પરિસ્થિતિ ધ્યાનમાં રાખી તેમના ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

**૩.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વગર પાસ પરમીટના દારૂનો નશો કરી જાહેર સ્થળ પરથી લથડીયા ખાતો પકડાયેલ હોય છે, જેથી આરોપી

વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૮૫(૧) તથા ૬૬(૧)(બી) મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૪.** આરોપી વિરૂધ્ધ ગુનાના આક્ષેપ જોતાં તથા આરોપી દ્વારા રજુ કરવામાં આવેલ ગુના કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તેમજ આરોપીનું કોર્ટ રૂબરૂ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના હોવાનું જણાય આવે છે તેમજ આરોપી ભવિષ્યમાં બીજો કોઇ ગુનો નહી કરવાની ખાતરી આપે છે. આરોપીએ જાહેર કરેલ પસ્તાવો તથા આરોપીની વર્તણુંક તથા સામાજીક જવાબદારી વિગેરે ધ્યાને લેતાં આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી શકે તેમ છે, તે સંજોગોમાં આરોપીની કબુલાત પુરસીસ તથા આરોપીના સામાજીક સંજોગો ધ્યાને લેતાં કાયદાએ સુચવેલ નિમ્નતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને પ્રબળ કારણો જણાય છે, જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઇએ તેવું હું નમ્રપણે માનું છું. આરોપીની સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-- હુકમ --</u>**

આ કામના આરોપી **માનસિંહ વજેસિંહ ચૌહાણ**, રહે.વાઘજીપુરા, તા.કપડવંજ, જી.ખેડા નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪ મુજબ પ્રોહીબીશન એક્ટ કલમ–૮૫(૧), ૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસ્સો પુરા) રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. વધુમાં આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૪, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

**કપડવંજ**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(માયાદેવી આર. શુકલા)**
**એડી. ચીફ જ્યુડી. મેજી., કપડવંજ**
**(જીજે.૦૦૬૮૧)**